





હરિઃૐ
'સારા' પરત્વે સદભાવ જાગે એમાં તેની કશી કિંમત નથી પણ
'નઠારા' પ્રત્યે પણ સદભાવ જગાડીને જીવતો કરવાનો છે.
- મોટા



હરિઃૐ
વૃત્તિનો વિસ્તાર એ જ સંસાર.
- મોટા


હરિઃૐ
પ્રભુનો પ્રેમ લેવાને જન્મેલાં આપણે છીએ,
તે વિના કો બીજો હેતુ છે ના જીવનનો ખરે.
– મોટા



હરિઃૐ
પ્રભુનું નામ સતત તે લીધાં કરજો હૃદયમાંહે,
પ્રભુ સારું બધું કરશે હૃદય વિશ્વાસ ધરજો તે.
– મોટા



હરિ:ૐ
સંસાર એ તો પ્રત્યક્ષ જીવનનો બોધપાઠ શીખવાની પાઠશાળા છે.
કશાથી ભાગી છુટવાની જરૂર નથી. તે તો નરી કાયરતા છે.
- મોટા
જીવન પ્રેરણા. પૃ. - ૭૫, આ.- ૪.



હરિ:ૐ
જે જીવ સંસાર કે લક્ષ્મીની
પ્રવૃતિ મૂકી ન શકે,
પણ શ્રીભગવાનના ભાવ પરત્વે
જે કંઈ અને જેટલી
કંઈ પ્રવૃતિ કરી શકતો હોય
તે એવા જીવ કાજે શ્રેયકર છે જ.
- મોટા
જીવનપ્રેરણા. પૃ. ૧૧૧, આ.-૪



હરિ:ૐ
પર (પારકાં)ની સેવા પ્રભુની સેવા સમજો.
સેવા લેનાર, સેવા દેનાર ઉપર સેવા
કરવાની તક આપીને ઉપકાર કરે છે.
- મોટા



હરિ:ૐ
આપણી આ ભવની પ્રકૃતિની
ગતિ ને દિશા જેવા પ્રકારની હોય,
તેવા પ્રકારનો આપણો પુન:જન્મ છે.
જીવનસોપાન પૃ.- ૬, આ. - ૫.
- મોટા



હરિઃૐ
જે જીવ પોતાનો વર્તમાનકાળ
યોગ્યપણે ઉત્તમપણાંથી
સાચવી શકે છે,
તેનો ભવિષ્યકાળ પણ સચવાયેલો જ રહે છે.
- મોટા



હરિઃૐ
સર્વશ્રેષ્ઠ કળા તો દિલનો મેળ
ઉપજાવવામાં રહેલી છે.
- મોટા



હરિ:ૐ
જીવન આનંદ માટે છે,
રડાકુટ માટે નથી.
- મોટા



હરિ:ૐ
હૃદય અમ પ્રેમના રસથી
સદા જોડાયેલાં રે'શે,
જીવન તો એક છે,
છોને જીવન દેહ જુદા છે.
ભલે મૃત્યુ ભલે સ્વર્ગે
ભલે જ્યાં હો જવાનું ત્યાં,
અમે તો સાથ રે'વાના
અમે સાથે જ ઉડવાના.
જીવન = જીગર,દિલ
પુનીત પ્રેમગાથા. પૃ- ૨૧૨, આ- ૩.
-મોટા



હરિઃૐ
પ્રભુ શરણચરણમાં રાખો રે, પાવલે લાગું.
રસિયાજી અંતરયામી ! મારા હૃદયકમળના સ્વામી !
અલબેલા પ્રેમીનામી ! રે, પાવલે લાગું.
- મોટા



હરિઃૐ
સાધકે સમયનું મુલ્ય ને તેની ઉપયોગિતા સાચી રીતે પારખતાં શીખવાનું છે.
એક પણ પળ નકામી ન ગાળી શકાય.
આળસ,તમસ અને પ્રમાદ ને એણે ખંખેરી નાંખવા જોઇએ.
જીવનમંથન. પૃ- ૧૬૪, આ. - ૨
– મોટા



હરિઃૐ
તાવ આવતો હોય ત્યારે એક પ્રકારનો
જુસ્સો હોય છે.
તેવે વખતે ભગવાનનું નામસ્મરણ
કરીને તાવના વેગનો ઉપયોગ કરી શકાય છે.
જીવનપગથી.- ૧૬૯, આ- ૩
- મોટા



હરિઃૐ
જે જે કંઈ બને કરે-મનમાં પણ-તે તે બધું
શ્રીભગવાનને ચરણકમળે
સમર્પ્યા કરીએ. એમ કરવાથી
ભગવાન સાથે હૃદયનો સંબંધ બંધાયે જાય છે.
જીવનસોપન.પૃ- ૧૫૭, આ- ૫
- મોટા


હરિ:ૐ
સદભાવ મેળવવા માટે સદભાવ
પ્રગટાવવો પડે છે.
- મોટા



હરિ:ૐ
પ્રભુ શરણચરણમાં રાખો રે, પાવલે લાગું.
શરણાગતવત્સલ જાણી, તને જણાવી અંતર કહાણી,
તોય મન રહયું હજુ માની રે, પાવલે લાગું.
જીવનસંશોધન.પૃ- ૪૮૩, આ.- ૩
- મોટા



હરિઃૐ
પ્રભુ શરણચરણમાં રાખો, પાવલે લાગું.
અડવું બધું એનું ટાળી, હેળાવી દઇ ગિરધારી!
પદ લગાડી દોની તાળી રે, પાવલે લાગું.
જીવનસંશોધન. પૃ.- ૪૮૩, આ - ૩
- મોટા


હરિઃૐ
પ્રભુ શરણચરણમાં રાખો રે,
પાવલે લાગું
વહાલાજી! સાધન કંઇ ના,
દિલ-પ્રેમ-ભાવના ફુલડાં,
વેરું છું નિત તમ પદમાં રે,
પાવલે લાગું.
જીવનસંશોધન. પૃ-૪૮૩, આ-૩
- મોટા


હરિઃૐ
જગતમાં સમજુને જ વધારે
સહેવાનું આવે છે ને વધારે
સહેવું પડતું હોય છે.
એ જ મારે મન
તપશ્ચર્યા છે.
જીવનપ્રેરણા પૃ- ૭૮, આ- ૧.
- મોટા


હરિઃૐ
ગુરૂ કરીને જો જીવનવિકાસ
સાધી ન શકાયો
તો તેવા ગુરૂ કરવા તે વ્યર્થ છે.
જીવનપ્રેરણા. પૃ- ૧૦૫, આ- ૧.
- મોટા


હરિઃૐ
સુરજ કરોડો માઈલ દૂર છે.
છતાં એની ઉષ્મા આપણને લાગે છે જ,
તો જે તત્વ એનાથી તો કયાંય જબરું છે,
ને એનાથી નજીક પણ છે, એની ઉષ્મા
આપણને કાં ન લાગે ?
જીવનપગથી. પૃ-૩૮, આ- ૩
- મોટા


હરિઃૐ
કોઈએ એક વસ્તુ ભેટ આપી હોય, તો એને કેટલા આદરપૂર્વક
સંભાળીને કબાટમાં સારે ઠેકાણે ગોઠવીને શોભેને સારું દેખાય
એવી રીતે આપણે રાખીએ છીએ. તો પ્રભુએ આપણને
આ જીવન ભેટ આપેલું છે. એનું મુલ્ય પેલી ભેટ
જેટલુંય શું આપણે નહિ આંકીએ ?
જીવનપગથી. પૃ- ૭૧, આ- ૩.
- મોટા


હરિ:ૐ
ધન સત્તા અને કામવાસના-
એ ત્રણ જીવને જીવપણામાં રાખનાર
પ્રખર અવરોધો છે.
જીવનસોપાન. પૃ-૩૩૨,આ-૫.
- મોટા



હરિ:ૐ
સહન કરી લેવું અને ગમ ખાઈ જવું
તે સારું છે, પરતું મનમાં તે અંગે
ચણચણાટી કરીને મન જો ગણગણતું રહે,
તો તે ઘણું ખરાબ.
જીવનપ્રવેશ. પૃ- ૧૪૯, આ- ૨.
- મોટા


હરિઃૐ
પ્રભુની જો મદદ લેશો કરી શકશો બધુંયે તે,
થવાનું જેવુ ધાર્યું હો થઈ શકશો પ્રભુ મદદે.
- મોટા



હરિઃૐ
કોઇક જો આપણને છેતરી જાય તો
એનું મૂળ કારણ આપણા પોતાનામાં
રહેલું સમજવું.
જીવનસંશોધન. પૃ- ૨૪, આ- ૨.
- મોટા


હરિઃૐ
બધો જીવનનો થાક જેના
શીતળ છાંયડે,
ખંખેરી માનવી નાંખે,
એવું તો સંત-વૃક્ષ તે.
કર્મગાથા. પૃ - ૬૩, આ - ૧.
- મોટા


હરિઃૐ
નિરંતરે ભજે ભાવે,
હરિને જે ઊંડું હ્રદે,
હરિ તેને બધી રીતે,
સંભાળે છે જ જીવને.
- મોટા


હરિઃૐ
કૃપાથી જો સરે કામ,
એવું જો ઇચ્છતા જ હો,
કૃપાના કરનારાની,
સાથે સંબંધ કેળવો.
- મોટા


હરિઃૐ
તારી ચિંતા તું કરે, એથી વિશેષ હરિ કરે.
www.hariommota.org
- મોટા


હરિઃૐ
સંભારે છે પ્રભુને જે,
સંભાળતો પ્રભુ તેહને.
- મોટા
www.hariommota.org


હરિઃૐ
કોટિ જન્મ ભલે જાય
કિંતુ જયાં પ્રેમ હો ઠર્યો,
કરાવ્યાં વિણ કલ્યાણ,
તેઓનું તે ન જંપતો.
- મોટા
www.hariommota.org
જીવનપગલે. પૃ-૮૦, આ- ૩.



હરિ:ૐ
વિઘ્ન ન સાંપડયું કોને ? બતાવો એક તો જગે,
પામશે વિઘ્નથી લાભ, વિઘ્નને જે વધાવશે.
વિઘ્નથી જીવને કો દી દબાઈ ના જવું કશું,
પ્રેમથી સામનો એનો જે કરે, પામશે નવું.
www.hariommota.org
- મોટા